ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, વિદ્યુત લોકપાલ, ગુજરાત રાજ્ય,
ગ્રાઉન્ડ ફ્લોર અને ફર્સ્ટ ફ્લોર, CMTS બિલ્ડીંગ, ટેલિફોન એક્સચેન્જ, બિમાનગર,
જીવનધામ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫.

સમક્ષ

કેસ નં.૪૫/૨૦૨૫

અરજદાર : મે. ન્યાલકરણ ઇન્ફ્રા
એફએફ૬૯, શ્રી સિદ્ધેશ્વર હાર્બર, નારાયણ સ્મૃતિ મલ્ટીસ્પેશ્યાલિટી સામે,
વાઘોડિયા અને કપુરઈ ચોકડી વચ્ચે, એનએચ-૮ મેઇન રોડ ટચ,
વડોદરા-૩૯૦૦૨૫. મો. નં.૯૯૦૪૮૦૬૨૩૬/૮૦૦૦૦૫૪૫૬૬.

રજૂઆત કરનાર: શ્રી ધવલ બી. આંકોલીયા, અધિકૃત પ્રતિનિધિ.

વિરૂધ્ધ

સામાવાળા : કાર્યપાલક ઇજનેર,
મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ, વિભાગીય કચેરી, વિશ્વામિત્રી (પૂર્વ),
જવાહરલાલ નહેરૂ માર્ગ, મોતીબાગ, વડોદરા-૩૯૦૦૦૧.

રજૂઆત કરનાર: શ્રી પી.એન.શાહ, કા.ઇ., એમજીવીસીએલ, વિભાગીય કચેરી, વિશ્વામિત્રી (પૂર્વ).
શ્રી વી.બી.વાઢેર, ના.ઇ., એમજીવીસીએલ, વિભાગીય કચેરી, વિશ્વામિત્રી (પૂર્વ).

::રજૂઆત::

૧.૦. અરજદારે, મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ, ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, વડોદરા(કોર્પોરેટ)નાં ફરિયાદ નં. MG-II-23-2025-26 અન્વયે અપાયેલ ચુકાદા નં. MGVCL/RA&C/Forum/Hearing/514 તા.૧૨.૧૧.૨૦૨૫થી નારાજ થઇ અત્રે રજૂઆત કરેલ છે. વિદ્યુત અધિનિયમ-૨૦૦૩ની કલમ નં.૪૨(૬) તથા ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો, ૨૦૨૩ની કલમ નં.૩.૧૯ હેઠળ સદર રજૂઆતને આ ઓફિસમાં કેસ નં.૪૫/૨૦૨૫થી નોંધવામાં આવેલ છે. સદર કેસની સુનાવણી તા.૦૮.૦૧.૨૦૨૬નાં રોજ રાખવામાં આવેલ.

૨.૦. અરજદારે લેખિતમાં તેમજ સુનાવણી દરમ્યાન નીચે મુજબ રજૂઆત કરી.

૨.૧. અરજદાર દ્વારા તા.૧૦.૧૨.૨૦૨૫નાં રોજ પત્રથી લેખિતમાં નીચે મુજબ રજૂઆત કરેલ.

(૧) અરજદાર, મે. ન્યાલકરણ ઇન્ફ્રા, ગ્રાહક નં.૧૬૬૪૪/૧૧૩૯૦/૭ મે-૨૦૨૩થી સામાવાળા વીજ કંપની દ્વારા અપાયેલ વીજ જોડાણનો વપરાશ કરે છે. તા.૨૬.૦૬.૨૦૨૫નાં રોજ સામાવાળા વીજ

કંપનીની ટીમ અરજદારનાં સ્થળ પર મીટર ચકાસણી માટે આવેલ. જેમાં સામાવાળા વીજ કંપનીની ટીમ દ્વારા મીટર ૯૨.૨૦% Slow હોવાનું નોંધવામાં આવેલ. ત્યારબાદ મીટરને MRI ટેસ્ટિંગ માટે મોકલવામાં આવેલ. સામાવાળા વીજ કંપનીની મીટર ટેસ્ટિંગ લેબ, નવલખી, વડોદરા દ્વારા તા.૨૭.૦૬.૨૦૨૫નાં રોજ આપવામાં આવેલા "મીટર ચકાસણી પત્રક"માં સ્પષ્ટપણે દર્શાવ્યું છે કે મીટરનાં ન્યુટ્રલ લોડ સાઇડનો બ્લોક, CT કોઇલ સહિતના કેટલાક મહત્વના ભાગો બળી ગયેલા છે, પરંતુ મીટરમાં કોઇ પ્રકારની ગેરરીતી (tempering) માલુમ પડેલ નથી.

તેમ છતાં સામાવાળા વીજ કંપની દ્વારા તા.૦૩.૦૭.૨૦૨૫નાં રોજ અરજદારને ૮ મહિનાનું (તા.૨૯.૧૦.૨૦૨૪ થી તા.૨૭.૦૬.૨૦૨૫)નું રૂ.૨૧,૯૦,૧૪૧.૭૨/-નું slownessનું પુરવણી બિલ "મીટર ૯૨.૨૦% ધીમું ચાલે છે" એ કારણ દર્શાવીને આપવામાં આવ્યું. હકીકતમાં મે-૨૦૨૩ થી મે-૨૦૨૫ સુધી અરજદારની બે વર્ષની વાસ્તવિક વીજ વપરાશનો કુલ ખર્ચ રૂ.૫,૪૪,૨૮૯.૩૧/- જ થયો છે, જે અરજદારે નિયમિત રીતે ચૂકવ્યો છે. Faulty મીટર બદલ્યા બાદ નવા મીટરનાં જુલાઈ-૨૦૨૫ અને ઓગસ્ટ-૨૦૨૫નાં બિલ અનુક્રમે રૂ.૧૦,૭૫૨.૦૬/- અને રૂ.૧૦,૨૨૦.૭૯/- આવેલ. જે અરજદારનાં લાંબા સમયના સરેરાશ વપરાશ સાથે સંપૂર્ણ મેળ ખાય છે અને એ નવા મીટરનો ચકાસણીનો તા.૦૨.૦૭.૨૦૨૫નો અહેવાલ પણ રજૂ કરેલ. તેથી રૂ.૨૧.૯૦ લાખનું બિલ વાસ્તવિક વપરાશની સરખામણીમાં ચોખ્ખું અયોગ્ય છે.

(૨) સદર બિલ વિરૂદ્ધ અરજદારે તા.૧૭.૦૭.૨૦૨૫નાં રોજ વાંધાની અરજી કરી, છતાં તા.૦૬.૦૮.૨૦૨૫નાં રોજ અરજદારને હુકમ મળ્યો કે બિલ પૂર્ણ ભરવું પડશે, અથવા ૧/૩ રકમ ભરી આગળ 'Appellate Authority' સમક્ષ રજૂઆત કરો. નહીંતર ૩૦ દિવસ પછી વીજ પુરવઠો બંધ કરી દેવામાં આવશે. પરિણામે તા.૧૫.૦૯.૨૦૨૫ આસપાસ સામાવાળા વીજ કંપનીએ અરજદારની ઓફિસનો વીજ પુરવઠો બંધ કરી દીધો, જે આજદિન સુધી સ્થગિત છે.

આ ખૂબ જ ગંભીર બાબત છે કારણ કે અરજદારની premisesમાં pharma medicine marketing કંપની કાર્યરત છે, જેમાં મેડિકલ ક્ષેત્ર સાથે સંબંધિત મહત્વપૂર્ણ કામગીરી ચાલે છે. લાંબા સમયથી વીજ પુરવઠો બંધ રહેવાથી વ્યાવસાયને મોટું નાણાંકીય તેમજ કાર્યક્ષમ નુકસાન થયું છે, તેમજ મેડિકલ ક્ષેત્રે જરૂરી કામગીરી અવરોધિત થઈ છે.

(૩) સદર વિવાદ માટે અરજદાર તા.૨૩.૦૯.૨૨પના રોજ CGRF, MGVCL, વડોદરા સમક્ષ રજૂઆત કરેલ, નિર્ણયમાં લાંબો વિલંબ થતાં તા.૦૭.૧૧.૨૦૨૫નાં રોજ અરજદારે સામાવાળા વીજ કંપનીની પેટા કચેરી, ઇન્દ્રપુરીમાં Part-Payment આધારિત અરજદારની ઓફિસનો વીજ પુરવઠો શરૂ કરવા વિનંતિ કરી હતી, પરંતુ આજદિન સુધી તેમની તરફથી કોઇ પ્રતિભાવ મળેલ નથી. ત્યારબાદ, CGRF દ્વારા તા.૧૨.૧૧.૨૦૨૫નાં રોજ ફાઇનલ ઓર્ડર આપવામાં આવ્યો, જેમાં જણાવ્યું કે MGVCL દ્વારા આપવામાં આવેલ રૂ.૨૧,૯૦,૧૪૧.૭૨/-નું પુરવઠા બિલ GREC Supply Code Clause ૬.૩૩ અને MGVCL Circular No.૮૯૯(૦૫.૧૧.૨૦૧૮) મુજબ યોગ્ય

નથી, અને તેથી બિલ સુધારવા કહ્યું. ત્યારબાદ સામાવાળા વીજ કંપનીએ તા.૧૭.૧૧.૨૦૨૫નાં રોજ અરજદારને સુધારેલું બિલ રૂ.૧૭,૧૭,૪૭૮.૫૩/-આપ્યું પરંતુ અહીંયા અરજદારને એવું જણાય છે કે, CGRFના ઓર્ડરમાં તા.૨૭.૦૬.૨૦૨૫નાં મીટર ટેસ્ટ રિપોર્ટના મુખ્ય મુદ્દાઓનું યોગ્ય વિશ્લેષણ કરવામાં આવ્યું નથી, જેમાં સ્પષ્ટ લખેલું છે કે મીટરમાં tampering નથી, પરંતુ જરૂરી ભાગો બળી ગયેલ છે. આવી સ્થિતિમાં અરજદારનું માનવું છે કે, ત્યાં સુધી બળી ગયેલ મીટરનાં કેસમાં અરજદારનું મીટર લાગ્યું ત્યારથી છેલ્લે અરજદારનો વીજ સપ્લાય ચાલુ હતો તે દિન સુધીનો મહિનાનો સરેરાશ વીજ વપરાશ ધ્યાનમાં લઈને બિલ નક્કી કરવું જોઈએ એટલે સુધારેલ રૂ.૧૭,૧૭,૪૭૮.૫૩નું બિલ પણ સંપૂર્ણપણે વાસ્તવિક અને કાયદેસર નથી.

(૪) CGRFનાં ઓર્ડર અનુસાર Ombudsman સમક્ષ રજૂઆત માટે અરજદારે બિલની ૩૩% રકમ સામાવાળા વીજ કંપનીને જમા કરી છે, તેની રીસીપ્ટ રજૂ કરેલ.

(૫) અરજદારે નીચે મુજબ વિનંતી કરેલ છે.

(૧) અરજદારની Pharma Medicine Marketing કંપની ખુબજ મહત્વપૂર્ણ કાર્ય કરતી હોવાથી-અને લાંબા સમયથી વીજ પુરવઠો બંધ રહેવાને કારણે અરજદારને ભારે નાણાંકીય તેમજ કામગીરીનું નુકશાન થતું હોવાથી-અરજદારનો વીજ પુરવઠો તાત્કાલિક પુનઃસ્થાપિત કરવા આદેશ કરવામાં આવે.

(૨) મીટરનાં સત્તાવાર રિપોર્ટ મુજબ મીટરમાં કોઇ ગેરરીતી માલૂમ પડેલ નથી, અને કેટલાક મહત્વના ભાગો બળી ગયા છે. તો આવા બળી ગયેલ મીટરનાં કેસમાં, અરજદારનું મીટર લાગ્યું ત્યારથી છેલ્લે અરજદારનો વીજ સપ્લાય ચાલુ હતો તે દિન સુધીનો મહિનાનો સરેરાશ વીજ વપરાશ ધ્યાનમાં લઈને બિલ નક્કી કરવું જોઈએ.

૩.૦. સામાવાળા વીજ કંપનીએ નીચે મુજબ લેખિતમાં તેમજ સુનાવણી દરમ્યાન રજૂઆત કરી.

૩.૧. સામાવાળા વીજ કંપની દ્વારા પત્ર નં.૪૨૬૮ તા.૧૮.૧૨.૨૦૨૫નાં રોજ નીચે મુજબની લેખિત રજૂઆત કરવામાં આવેલ.

(૧) અરજદાર, મે. ન્યાલકરણ ઇન્ફ્રા સામાવાળા વીજ કંપનીની ઇન્દ્રપુરી સબડિવિઝન હેઠળ 30KW LTMD કનેક્શન ધરાવે છે. જેનો LT ગ્રાહક નં.૧૬૬૪૪/૧૧૩૯૦/૭ છે અને સરનામું: ૩જો માળ, TF-૧૪, શ્રી સીદ્ધેશ્વર હાર્બર, નારાયણ વિદ્યાલય રોડ, ગુરુકુળ ક્રોસિંગ રોડ, NH નં.૮, વડોદરા-૩૯૦૦૨૫ છે.

(૨) અરજદારનું LTMD કનેક્શન નં.૧૬૬૪૪/૧૧૩૯૦/૭ તા.૨૬.૦૬.૨૦૨૫નાં રોજ અરજદારના પ્રતિનિધિ શ્રી શૈલેષભાઈ બી. રામાણી ની હાજરીમાં શ્રી પી.કે.ગોસ્વામી, જુનિયર ઈજનેર વિજિલન્સ, MGVCL, બરોડા (O&M) સર્કલ દ્વારા ચેક કરવામાં આવ્યું હતું (ચેકિંગ શીટ નં.૯૮૫) અને એનર્જી મીટર સીરિયલ નં.MWS૫૦૬૩૬૯EW મેક ૯૨.૨૦% ધીમું એટલે કે ઓછું નોંધણી કરતું માલુમ પડ્યું હતું.

(૩) ચેકિંગ શીટ મુજબ ચેકિંગ સમયે કરંટ માટે મીટર ડિસ્પ્લે પેરામીટર્સ RI- 4.9 A, YI-0.00 A, BI-0.08 A હતા, જ્યારે ક્લિપ ઓન મીટર દ્વારા લોડસાઇડ એમ્પીયર માપતા તે RI-14.880 A, YI-17.482 A, BI-54.380 A જોવા મળ્યા હતા અને EAS મીટરમાં (એક્યુચેક મીટર સીરિયલ નં. LER30167) માપેલ એમ્પીયર RI-12.191 A, YI-20.756 A, BI-57.750 A હતા. આમ, વીજ વપરાશ હોવા છતાં મીટરમાં વીજ વપરાશ ઓછો નોંધાતો હતો તે સ્પષ્ટ જણાય છે.

(૪) ચેકિંગ ઓફિસર દ્વારા ચેકિંગ શીટમાં સાઇટ પર મીટર MRI ડેટા ડાઉનલોડ કરવા અને ત્યારબાદ MGVCLના ધોરણો મુજબ કાર્યવાહી કરવા ટિપ્પણી કરવામાં આવી હતી. જેના આધારે ઇન્દ્રપુરી સબડિવિઝનના સ્ટાફે સાઇટ પર MRI ડેટા ડાઉનલોડ કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તે ડાઉનલોડ કરી શક્યાં ન હતા. આમ, MRI ડેટા સાઇટ પર ડાઉનલોડ કરી શકાયો ન હતો, તેથી અરજદારનાં પ્રતિનિધિ શ્રી શૈલેષભાઈ બી રામાણીની હાજરીમાં તા.૨૭.૦૬.૨૦૨૫નાં રોજ મીટર બદલવામાં આવ્યું અને પ્રતિનિધીની હાજરીમાં કાગળની થેલીમાં કબજે કરવામાં આવ્યું અને વધુ તપાસ માટે MGVCL, મીટર ટેસ્ટિંગ લેબોરેટરી, નવલખી, વડોદરાને મોકલવામાં આવ્યું હતું.

(૫) સદર મીટર MGVCL મીટર ટેસ્ટિંગ લેબોરેટરી નવલખી, વડોદરા ખાતે તા.૨૭.૦૬.૨૦૨૫નાં રોજ અરજદારનાં પ્રતિનિધિ શ્રી શૈલેષભાઈ બી રામાણીની હાજરીમાં ચેક કરવામાં આવ્યું અને જેના અવલોકનો નીચે મુજબ હતા: “મીટરની બોડી સીલ ઓકે છે. મીટરનો લોડ સાઈડ ન્યુટ્રલ બ્લોક બળી ગયો છે. મીટર ખોલવામાં આવ્યું અને નિરિક્ષણ કરતા જાણવા મળ્યું કે ન્યુટ્રલ CT કોઇલ બળી ગઇ છે. વધુમાં મીટરની અંદર Y & B ફેઝની CT પર કાર્બન જમા થયો હોવાનું અવલોકન કરાયું અને CT સેચ્યુરેટેડ હતી. MGVCLના નિયમો મુજબ ચેકિંગ શીટ નં.૯૮૫ મુજબ કાર્યવાહી શરૂ કરવી.”

(૬) સદર મીટરનો MRI રિપોર્ટ મીટર ટેસ્ટિંગ લેબોરેટરીમાં ડાઇનલોડ કરવામાં આવ્યો હતો અને જુનિયર ઈજનેરશ્રી ઈન્દ્રપુરી સબડિવિઝનને સોંપવામાં આવ્યો હતો. આમ, MRI ટેમ્પર ડેટા રિપોર્ટ મુજબ ધીમી ગતિનો સમયગાળો તા.૨૯.૧૦.૨૦૨૪થી મીટર બદલવાની તારીખ એટલે કે તા.૨૭.૦૬.૨૦૨૫ સુધીનો નક્કી કરવામાં આવ્યો. જેથી ૯૨.૨૦% ધીમીગતિ માટે તા.૨૯.૧૦.૨૦૨૪ થી તા.૨૭.૦૬.૨૦૨૫ સુધીના સમયગાળા માટે રૂ.૨૧,૯૦,૧૪૧.૭૦/-નું પૂરક બિલ અરજદારને પત્ર નં.ISD/REV/૨૬૭૮ તા.૦૩.૦૭.૨૦૨૫ દ્વારા પાઠવવામાં આવ્યું હતું.

(૭) અરજદારે તા.૧૯.૦૭.૨૦૨૫નાં રોજ ઇન્દ્રપુરી સબ ડિવિઝનમાં ધીમી ગતિનાં બિલ સામે વાંધા અરજી આપેલ.

(૮) સામાવાળા વીજ કંપનીનાં ઇન્દ્રપુરી સબડિવિઝન દ્વારા તા.૦૬.૦૮.૨૦૨૫નાં રોજ અરજદારને અંતિમ બિલ પાઠવવામાં આવેલ.

(૯) અરજદાર દ્વારા પૂરક બિલની ચુકવણી કરી ન હતી અને તેથી તા.૧૭.૦૯.૨૦૨૫ના રોજ અરજદારનું કનેક્શન અસ્થાયી રૂપે કાપી નાખવામાં આવ્યું હતું.

(૧૦) સદર મીટર MRI ડેટા તા.૧૮.૦૯.૨૦૨૫નાં રોજ અરજદારને સોંપવામાં આવ્યો હતો.

(૧૧) અરજદારે તા.૨૩.૦૯.૨૦૨૫નાં રોજ CGRF નવલખી સર્કલ ઓફિસમાં અરજી આપેલ હતી.

(૧૨) CGRF એ આદેશ આપેલ છે કે MGVCL ઇન્દ્રપુરી સબ ડિવિઝન દ્વારા મીટરની ધીમી ગતિ માટે તા.૨૯.૧૦.૨૦૨૪ થી તા.૨૭.૦૬.૨૦૨૫ સુધીના સમયગાળા માટે ઇશ્યૂ કરાયેલ રૂ.૨૧,૯૦,૧૪૧.૭૨/-નું પૂરક બિલ GERC સપ્લાય કોડ-૨૦૧૫નાં ક્લોઝ નં.૬.૩૩ અને MGVCLનાં સર્ક્યુલર નં.MGVCL/CE(T20)/TECH/899 તા.05.11.2018 મુજબ નથી.

(૧૩) પુરક બિલ મીટર બદલવાની તારીખ એટલે કે તા.૨૭.૦૬.૨૦૨૫ થી છ મહિનાના સમયગાળા માટે એક અઠવાડિયાનાં સમયમાં સુધારવું.

(૧૪) સામાવાળા વીજ કંપનીની ઇન્દ્રપુરી સબ ડિવિઝને તા.૨૬.૧૨.૨૦૨૪ થી તા.૨૭.૦૬.૨૦૨૫ સુધીના છ મહિનાના સુધારેલા ધીમી ગતિના બિલની રકમ રૂ.૧૭,૧૭,૪૭૮.૫૩/- પત્ર નં.ISD/REV/૪૬૭૯ તા.૧૭.૧૧.૨૦૨૫ દ્વારા પાઠવવામાં આવેલ છે. અરજદાર દ્વારા સદર પુરવણી બિલની રકમ નિયત સમય મર્યાદામાં ભરપાઈ કરવામાં આવેલ ના હોવાથી સપ્લાય કોડની જોગવાઈ મુજબ વીજ જોડાણ હંગામી રીતે તા.૧૭.૦૯.૨૦૨૫નાં રોજ કાપવામાં આવેલ હતું. જે નાણાં તા.૦૮.૧૨.૨૦૨૫ સુધી ભરપાઈ કરેલ નથી. અરજદાર દ્વારા સદર કેસની રજૂઆત લોકપાલમાં કરવાની હોવાથી સુધારેલા બિલ રૂ.૧૭,૧૧,૪૭૮.૫૩/- સામે ૩૩% રકમ રૂ.૫,૬૬,૭૭૦/-ની ચુકવણી તા.૦૯.૧૨.૨૦૨૫નાં રોજ રસીદ નં.CBBC૮૧૮૧૪Q૮૦J૫ દ્વારા કરી હતી.

(૧૫) વીજ બિલના નાણાં બાકી હોવાથી વીજ જોડાણ ફરીથી જોડવા માટે બાકી નાણાં ભરપાઈ કરવાથી જોડી આપવાની તૈયારી છે.

(૧૬) મીટર ૯૨.૨૦% ધીમું ફરતું હોવાનું માલુમ પડેલ છે તથા લેબોરેટરીના રિપોર્ટ પ્રમાણે CT સેચ્યુરેટ થઈ ગયેલ હતી વળી મીટરમાં જરૂરી નોંધણી થતી ના હોવાથી અરજદારને પાઠવવામાં આવેલ સુધારેલ બિલ સપ્લાય કોડ મુજબ છે. જેથી આવા કિસ્સામાં સરેરાશ વીજ વપરાશનું બિલ આપી શકાય નહીં.

:::ચુકાદો:::

૪.૦. સુનાવણી દરમ્યાન અરજદારે કરેલ રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓને આધારે નીચે મુજબના નિર્ણય ઉપર આવું છું.

૪.૧. અરજદાર તરફથી તેઓનાં અધિકૃત પ્રતિનિધિ, શ્રી ધવલ બી. આંકોલીયા, વિદ્યુત લોકપાલ સમક્ષ ઉપસ્થિત થયેલ છે અને તેમના દ્વારા કરાયેલ રજૂઆતો ઉપરોક્ત પેરા નં.૨.૦માં નોંધવામાં આવેલ છે.

૪.૨. સામાવાળા વીજ કંપની, મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડનાં વિભાગીય કચેરી, વિશ્વામિત્રી (પૂર્વ) તરફથી કાર્યપાલક ઈજનેર, શ્રી પી.એન.શાહ તથા નાયબ ઇજનેર, શ્રી વી.બી.વાઢેર, વિદ્યુત લોકપાલ સમક્ષ ઉપસ્થિત થયેલ છે અને તેમના દ્વારા કરાયેલ રજૂઆતો ઉપરોક્ત પેરા નં.૩.૦માં નોંધવામાં આવેલ છે.

૪.૩. અરજદાર મે. ન્યાલકરણ ઇન્ફ્રા મે-2023 થી સામાવાળા વીજ કંપનીનું 30 KWનું “LTMD” ટેરિફનું વીજ જોડાણ ધરાવે છે. તા.૨૬.૦૬.૨૦૨૫નાં રોજ સામાવાળા વીજ કંપની દ્વારા મીટર ચેકિંગ કરવામાં આવેલ, જેમાં મીટર 92.20% Slow હોવાનું નોંધાયેલ અને મીટરને Meter Testing Laboratory, નવલખી, વડોદરા ખાતે તપાસ માટે મોકલવામાં આવેલ. Meter Test Report મુજબ મીટરના Neutral Block તથા CT Coil જેવા મહત્વના ભાગો બળી ગયેલા હોવાનું નોંધાયું છે, પરંતુ મીટરમાં કોઈ tampering નોંધાયેલ નથી.

૪.૪. અરજદાર દ્વારા કરાયેલ રજુઆત મુજબ ઉપરોક્ત સંજોગોમાં પણ સામાવાળા વીજ કંપની દ્વારા તા.૨૯.૧૦.૨૦૨૪ થી તા.૨૭.૦૬.૨૦૨૫ સુધીના સમયગાળા માટે રૂ.૨૧,૯૦,૧૪૧.૭૨નું પૂરક બિલ અપાયેલ હોવાનું અરજદારનું કહેવું છે, જે વાસ્તવિક વપરાશ અને Supply Code ની જોગવાઈઓ વિરુદ્ધ છે. Faulty મીટર બદલાયા બાદ નવા મીટર પરથી આવેલા બિલો અગાઉના સરેરાશ વપરાશ સાથે સુસંગત હોવાનું પણ અરજદાર દ્વારા દર્શાવવામાં આવ્યું છે.

૪.૫. અરજદાર દ્વારા પૂરક બિલ સામે વાંધો ઉઠાવ્યા બાદ પણ ચુકવણી ન થવાને કારણે વીજ પુરવઠો બંધ કરવામાં આવેલ, જેના કારણે અરજદારની Pharma Medicine Marketing Companyને ગંભીર નાણાંકીય તથા કામગીરી સંબંધિત નુકસાન થયું હોવાનું રજૂ કરવામાં આવ્યું છે. CGRF દ્વારા સમયગાળો સુધારવાનો હુકમ આપવામાં આવ્યો હોવા છતાં સુધારેલ બિલ પણ અયોગ્ય હોવાનું માની અરજદારે સદર અપીલ દાખલ કરેલ છે.

૪.૬. અરજદારે વિદ્યુત લોકપાલ સમક્ષ વિનંતી કરી છે કે તેની Pharma Medicine Marketing Company માટે વીજ પુરવઠો અત્યંત આવશ્યક હોવાથી અને લાંબા સમયથી વીજ પુરવઠો બંધ રહેવાથી ભારે નાણાંકીય તથા કામગીરી સંબંધિત નુકસાન થઈ રહ્યું હોવાથી, વીજ પુરવઠો તાત્કાલિક પુનઃસ્થાપિત કરવા આદેશ આપવામાં આવે. વધુમાં, મીટર ટેસ્ટ રિપોર્ટમાં tampering ના અભાવ અને મીટરના મહત્વના ભાગો બળી ગયેલા હોવાના તથ્યોને ધ્યાનમાં રાખી, મીટર લાગ્યું તે તારીખથી છેલ્લે વીજ પુરવઠો ચાલુ હતો તે દિવસ સુધીના મહિનાના સરેરાશ વપરાશનાં આધારે જ બિલ નક્કી કરવા તથા સુધારેલું રૂ.૧૭,૧૭,૪૭૮.૫૩નું બિલ રદ અથવા યોગ્ય રીતે પુનઃનિર્ધારિત કરવા અરજદારની માંગ છે.

૪.૭. સામાવાળા વીજ કંપનીએ રજૂ કર્યું છે કે તા.૨૬.૦૬.૨૦૨૫નાં રોજ Vigilance ચેકિંગ દરમિયાન મીટર 92.20% ધીમું ફરતું હોવાનું સાબિત થયું હતું અને સાઇટ પર MRI ડેટા ડાઉનલોડ ન થઈ શકતા મીટર બદલીને લેબોરેટરીમાં મોકલવામાં આવ્યું. લેબોરેટરીમાં MRI ડેટા ડાઉનલોડ થયા બાદ ધીમી ગતિનો સમયગાળો તા.૨૯.૧૦.૨૦૨૪ થી તા.૨૭.૦૬.૨૦૨૫ નક્કી કરવામાં આવ્યો હતો.

૪.૮. મીટર ધીમું ફરતું હોવાને કારણે પૂરક બિલ આપવામાં આવ્યું હોવાનું તથા અરજદાર દ્વારા બિલની ચુકવણી ન કરવાના કારણે Supply Code મુજબ વીજ પુરવઠો હંગામી રીતે બંધ કરવામાં આવ્યો હોવાનું સામાવાળા વીજ કંપનીનું કહેવું છે. CGRF ના આદેશ અનુસાર સુધારેલ બિલ જારી કરવામાં આવ્યું છે અને તેની ચુકવણી થયા બાદ વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવાની તૈયારી સામાવાળા વીજ કંપની દ્વારા દર્શાવવામાં આવેલ છે.

૪.૯. અરજદાર દ્વારા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ, વડોદરા(કોર્પોરેટ) ખાતે અરજી કરેલ, જેને ફરિયાદ નં.MG-II-23-2025-26 થી નોંધવામાં આવેલ, જે અન્વયે સુનાવણી બાદ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ દ્વારા ચુકાદા નં.MGVCL/RA&C/Forum/Hearing/514 તા.૧૨.૧૧.૨૦૨૫થી નીચે મુજબનાં તારણો અને હુકમ કરવામાં આવેલ.

"...

5.0 The Forum Members present at the hearing considered contention of both the parties and perused the records and considering them in detail, findings are as under:

5.1 As per installation checking dtd 26.06.2025, checking sheet No. 985 Meter Make - AEW, Sr. No. MWS 506369, Capacity - 10-60 A was found 92.20% slow.

5.2 MRI report of the meter could not be downloaded at site. Meter was replaced by respondent on 27.06.2025 and on the same day Meter was sent to MGVCL, Meter testing Laboratory, Navlakhi, Vadodara.

5.3 Meter MRI data downloaded at MGVCL, Meter testing Laboratory, Navlakhi, Vadodara and handed over to respondent MGVCL, Indraputi sub division.

5.4 Respondent has issued Supplementary bill for 92.20% slowness for the period 29.10.2024 to 27.06.2025 to the complainant.

5.5 The Clause 6.33 of GERC Supply Code - 2015 provides as under:
".....In case of faulty meter, rectification for a maximum period of six months or from the date of last testing, whichever is shorter, on the basis of the test report, shall be adjusted in the subsequent bill."

5.6 The MGVCL Circular No. MGVCL/CE (T20)/Tech/899 dated 5.11.2018 provides at Point No. 1 & 2 under Para 3 reads as under:

1. "If during inspection, checking and testing, any meter or metering system, is found to be defective (e.g. stuck up, running slow, fast, creeping or improperly recording or not functioning according to the specifications), the licensee shall inform the consumer and replace the meter within 15 days of inspection, checking/testing. At the time of checking MRI data shall be collected from the existing meter, as far as possible otherwise same is to be taken on next day.

2. In all cases of meter testing either at site or at LAB, the copy of test report must be invariably given to the Consumer under due acknowledgment within 2 working days of the date of testing. Further, in case of faulty /defective meters, rectification for the

maximum period of 6 months, from the date of last testing, whichever is shorter, on the basis of test report, shall be adjusted in subsequent bill."

5.7 Respondent MGVCL, Indrapuri Sub Division had issued the Supplementary bill of Rs.21,90,141.72 03.07.2025 for the period 29.10.2024 to 27.06.2025 is for the period more than Six month and which is not in accordance with the clause 6.33 of GERC Supply Code - 2015 and MGVCL Circular No. MGVCL/CE (T20) /Tech/899 dated 5.11.2018.

ORDER

6.0 The Forum has come to the conclusion that

6.1 The Supplementary bill issued for Rs.21,90,141.72 by MGVCL Indrapuri subdivision for slowness of the meter for the period 29.10.2024 to 27.06.2025 is not in accordance with the Clause 6.33 of GERC Supply Code – 2015 and MGVCL Circular No. MGVCL/CE (T20)/Tech/899 dated 5.11.2018.

6.2 The Supplementary bill to be revised for Six Month period from the date of the replacement of the Meter i.e. 27.06.2025 within a week time.

6.3 With this order, consumer's representation/application stands disposed off.

S/d.	*S/d.*	*S/d.*
(M.M.Piprotar)	*(K.B.Dhebar)*	*(Dr.S.A.Padwal)*
Representative of Prosumer	*Representative of Consumer*	*Independent Member*

S/d.	*S/d.*
(N.R.Jangid)	*(P.C.Patel)*
Finance Member	*Chairperson"*

૪.૧૦. ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ, વડોદરા(કોર્પોરેટ) એ નોંધ્યું કે મીટર 92.20% Slow હોવાનું ચેકિંગ અને ટેસ્ટિંગથી સાબિત થાય છે, પરંતુ GERC Electricity Supply Code, 2015 ની Clause 6.33 મુજબ faulty મીટરના કિસ્સામાં મહત્તમ છ મહિનાના સમયગાળા માટે જ સુધારો કરી શકાય. આથી તા.૨૯.૧૦.૨૦૨૪ થી તા.૨૭.૦૬.૨૦૨૫ સુધીના સમયગાળાનું પૂરક બિલ નિયમ સંગત ન હોવાનું જાહેર કરી સમયગાળો સુધારી રિવાઇઝ્ડ બિલ આપવા હુકમ કરવામાં આવેલ છે.

૪.૧૧. અરજદાર તથા સામાવાળા વીજ કંપની દ્વારા રજૂ કરાયેલ તથા ઉપરોક્ત તકરારનાં નિવારણ માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ દ્વારા જારી કરાયેલ વિદ્યુત પુરવઠા સંહિતા અને આનુષાંગિક બાબતો, વિનિયમો-૨૦૧૫, જાહેરનામા નં.૪/૨૦૧૫ તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો, ૨૦૨૩ની અનિવાર્ય કલમ અને સંબંધિત જોગવાઈઓ નીચે મુજબ વાંચણે લઇ શકાય.

"Clause No.6.33: …In case of faulty meter, rectification for a maximum period of six months or from the date of last testing, whichever is shorter, on the basis of the test report, shall be adjusted in the subsequent bill."

"Clause No.8.3(1): On non-payment of the licensee's dues: The licensee may issue a disconnection notice in writing, as per Section 56 of the Act, to any consumer who defaults on his payment of dues, after giving him a notice period of 15 working days to pay the dues. Such notice can be embedded in the energy bill also. Thereafter, the licensee may disconnect the consumer's installation on expiry of the said notice period by removing the service line/meter as the licensee may deem fit;."

"Clause No.3.19(viii): The Complainant has deposited one third amount in terms of the Forum's order, if required, with the Licensee and submitted a proof of payment made."

૪.૧૨. બંને પક્ષકારોની લેખિત તથા મૌખિક રજૂઆત તથા રજૂ થયેલ રેકોર્ડ પરથી સદર અપીલનો નિર્ણય કરવા સારૂં નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થાય છે. તે અનુસંધાને રજુ થયેલ દલીલો, રજુઆતો, જોગવાઈ અને તે બાબતે વિદ્યુત લોકપાલનો અભિપ્રાય નીચે મુજબ છે.

મુદ્દા નં.૧: તા.૨૬.૦૬.૨૦૨૫નાં રોજ થયેલ મીટર ચેકિંગ, ત્યારબાદ Meter Testing Laboratory ખાતે થયેલ MRI ડેટા ડાઉનલોડ તથા મીટર ટેસ્ટિંગના આધારે મીટર 92.20% Slow હોવાનું જાહેર કરવાની પ્રક્રિયા કાયદેસર છે કે નહીં?

સદર મુદ્દા અંગે રેકોર્ડ પરથી જણાય છે કે તા.૨૬.૦૬.૨૦૨૫નાં રોજ સામાવાળા વીજ કંપની દ્વારા Vigilance ચેકિંગ કરવામાં આવ્યું હતું, જેમાં Checking Sheet No. 985 મુજબ મીટર 92.20% Slow હોવાનું નોંધાયું હતું. ચેકિંગ સમયે સાઇટ પર MRI ડેટા ડાઉનલોડ શક્ય ન બનતા, અરજદારના પ્રતિનિધિની હાજરીમાં તા.૨૭.૦૬.૨૦૨૫નાં રોજ મીટર બદલીને Meter Testing Laboratory, નવલખી, વડોદરા ખાતે મોકલવામાં આવ્યું હતું. લેબોરેટરીમાં મીટર ટેસ્ટિંગ કરવામાં આવ્યું અને ત્યાં MRI ડેટા સફળતા પૂર્વક ડાઉનલોડ કરવામાં આવેલ હતો.

અરજદાર તરફથી એવા કોઈ પુરાવા રજૂ કરવામાં આવ્યા નથી કે મીટર ચેકિંગ, મીટર બદલવાની પ્રક્રિયા અથવા લેબોરેટરીમાં ટેસ્ટિંગ કરવામાં કોઈ પ્રક્રિયાત્મક અનિયમિતતા કરવામાં આવી હોય. Supply Code હેઠળ મીટર ચેકિંગ તથા લેબોરેટરી ટેસ્ટિંગ કરવાની કાર્યવાહી લાઇસન્સી દ્વારા કરવામાં આવી શકે છે અને સદર કેસમાં તે પ્રક્રિયા નિયમસર કરવામાં આવી હોવાનું રેકોર્ડ પરથી સ્પષ્ટ થાય છે.

આથી, એવા તારણ પર આવી શકાય છે કે મીટર ચેકિંગ, મીટર બદલવાની કાર્યવાહી તથા Meter Testing Laboratory ખાતે MRI ડેટા ડાઉનલોડ અને મીટર ટેસ્ટિંગ

કરવાની પ્રક્રિયા કાયદેસર અને નિયમ સંગત છે અને મીટર ટેસ્ટીંગનાં આધારે મીટર 92.20% Slow હોવાનું જાહેર થયેલ છે તે ન્યાયિક અને યોગ્ય પ્રક્રિયા મુજબનું છે.

મુદ્દા નં.૨: Meter Test Report માં tampering નો અભાવ અને મીટરનાં Neutral Block તથા CT Coil બળી ગયેલા હોવાનું દર્શાવ્યા હોવા છતાં, આવા faulty મીટરના કિસ્સામાં સરેરાશ વપરાશનાં આધારે બિલ નક્કી થવું જોઈએ કે MRI ડેટાનાં આધારે ધીમી ગતિ માટે પૂરક બિલ બજાવવું યોગ્ય છે?

સદર મુદ્દા અંગે વિચારીએ તો Meter Test Report માં સ્પષ્ટ રીતે નોંધાયેલ છે કે મીટરમાં કોઈ tampering જોવા મળેલ નથી અને મીટરના Neutral Block તથા CT Coil જેવા મહત્વના ભાગો બળી ગયેલા છે. એ સ્થિતિ જોતાં સદર કેસ theft અથવા unauthorised use નો નથી, પરંતુ faulty / burned meter નો કેસ બને છે.

સદર પરિસ્થિતિમાં લાગુ પડતી GERC Electricity Supply Code, 2015ની Clause 6.33 ની જોગવાઇ ઉપર મુજબ રજૂ થયેલ છે.

ઉપરોક્ત જોગવાઈ સ્પષ્ટ કરે છે કે faulty મીટરના કિસ્સામાં બિલમાં સુધારો માત્ર મર્યાદિત સમયગાળા માટે જ કરી શકાય છે અને તે સમયગાળો છ મહિનાથી વધુ હોઈ શકતો નથી. MRI ડેટા ઉપલબ્ધ હોવા છતાં પણ Supply Code દ્વારા નિર્ધારિત મર્યાદા અવગણીને લાંબા સમયગાળાનું slowness bill આપી શકવાની જોગવાઈ કરવામાં આવેલ નથી.

આથી, મારું તારણ છે કે આ કેસમાં Supply Code હેઠળ મંજૂર મર્યાદિત સમયગાળાના આધારે જ સ્લોનેસનું પુરવણી બિલ સુધારવું યોગ્ય છે અને MRI ડેટાના આધારે સમગ્ર લાંબા સમયગાળાનું પૂરક બિલ કાઢવું નિયમ સંગત નથી.

મુદ્દા નં.૩: સામાવાળા વીજ કંપની દ્વારા જારી કરાયેલ મૂળ તથા સુધારેલ પૂરક બિલ Supply Code ની જોગવાઈઓ મુજબ છે કે નહીં?

સદર મુદ્દા અંગે વિચારીએ તો રેકોર્ડ પરથી સ્પષ્ટ જણાય છે કે સામાવાળા વીજ કંપની દ્વારા પ્રથમ રૂ.૨૧,૯૦,૧૪૧.૭૨નું પૂરક બિલ તા.૨૯.૧૦.૨૦૨૪ થી તા.૨૭.૦૬.૨૦૨૫ સુધીના આશરે આઠ મહિનાના સમયગાળા માટે જારી કરવામાં આવ્યું હતું. આ સમયગાળો Supply Code ની Clause 6.33 માં નિર્ધારિત મહત્તમ છ મહિનાની મર્યાદા કરતાં વધુ છે.

CGRF દ્વારા આ જ આધાર પર મૂળ પૂરક બિલને સમયગાળાની દૃષ્ટિએ અયોગ્ય જાહેર કરીને સમયગાળો સુધારવાનો હુકમ કરવામાં આવેલ. CGRF ના આદેશ અનુસાર, સામાવાળા વીજ કંપની દ્વારા મીટર બદલવાની તારીખથી પાછલા છ મહિનાના સમયગાળાને આધારે સુધારેલ પૂરક બિલ રૂ.૧૭,૧૭,૪૭૮.૫૩ નક્કી કરવામાં આવ્યું છે.

આ બાબતમાં મારું માનવું છે કે CGRF દ્વારા અપનાવવામાં આવેલ અભિગમ તથા તેના અનુસંધાને જારી કરાયેલ સુધારેલ બિલ Supply Code ની Clause 6.33 સાથે સુસંગત છે. સામાવાળા વીજ કંપની દ્વારા આપવામાં આવેલ મૂળ પૂરક બિલ નિયમ મુજબનું ન હોવાથી CGRF દ્વારા સમયગાળાની મર્યાદા મુજબ બિલ બનાવાનો આદેશ નિયમ સાથે સુસંગત છે, એવું મારું માનવું છે.

મુદ્દા નં.૪: બિલની ચુકવણી ન થવાના આધારે કરવામાં આવેલ હંગામી વીજ પુરવઠો બંધ કરવાની કાર્યવાહી કાયદેસર છે કે નહીં?

આ મુદ્દા સંદર્ભે રેકોર્ડ દર્શાવે છે કે અરજદાર દ્વારા પૂરક બિલની ચુકવણી ન કરવાને કારણે સામાવાળા વીજ કંપની દ્વારા તા.૧૭.૦૯.૨૦૨૫નાં રોજ વીજ પુરવઠો હંગામી રીતે બંધ કરવામાં આવેલ. સદર કાર્યવાહી CGRF સમક્ષ ફરિયાદ નોંધાવાની તારીખ પહેલાં કરવામાં આવેલ હતી.

CGRF દ્વારા પૂરક બિલ રદ કરવામાં આવેલ નથી, માત્ર સમયગાળો સુધારવાનો હુકમ કરવામાં આવેલ છે અને બિલની ચુકવણી પૂર્વે વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવા અંગે કોઈ દિશાનિર્દેશ આપવામાં આવેલ નથી. આથી, તે સમયની પરિસ્થિતિ અને ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ દ્વારા જારી કરાયેલ વિદ્યુત પુરવઠા સંહિતા અને આનુષાંગિક બાબતો, વિનિયમો-૨૦૧૫, જાહેરનામા નં.૪/૨૦૧૫ની Section-8, Clause 8.3(1) મુજબ લાગુ પડતી જોગવાઈઓને ધ્યાનમાં લેતાં, સામાવાળા વીજ કંપની દ્વારા કરવામાં આવેલ હંગામી વીજ પુરવઠો બંધ કરવાની કાર્યવાહી Supply Code મુજબ કાયદેસર ગણાય છે.

અહીં નોંધવું જરૂરી છે કે વિદ્યુત લોકપાલ સમક્ષ અપીલ દાખલ કરવા માટે કરવામાં આવેલ 33% ચુકવણી માત્ર statutory પૂર્વશરત છે અને તેનો વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવા સાથે કોઈ સીધો સંબંધ નથી. અપીલ દાખલ થયેલી વખતે વીજ પુરવઠો પહેલેથી જ બંધ સ્થિતિમાં હોવાથી, સદર અપીલના અંતિમ નિર્ણય સુધી ચુકવણી વસુલાત તથા પુરવઠાની સ્થિતિ યથાવત્ રાખવાનું હું યોગ્ય માનું છું.

૪.૧૩. આમ પેરા નં.૪.૧૨નાં મુદ્દા નં.૧ થી ૪માં આપવામાં આવેલ તારણો અને લાગુ પડતી જોગવાઈઓને આધારે એવું ફલિત થાય છે કે CGRF દ્વારા પૂરક બિલના સમયગાળામાં સુધારો કરવાનો હુકમ કરેલ છે તેમાં કોઇ ક્ષતિ જણાતી નથી. આથી, તેને યથાવત્ રાખવામાં આવે છે. સામાવાળા વીજ કંપની દ્વારા નક્કી કરાયેલ સુધારેલ પૂરક બિલ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ દ્વારા જારી કરાયેલ વિદ્યુત પુરવઠા સંહિતા અને આનુષાંગિક બાબતો, વિનિયમો-૨૦૧૫, જાહેરનામા નં.૪/૨૦૧૫ મુજબ યોગ્ય છે તથા અરજદારને સુધારેલ બિલ પૈકીની બાકી રહેતી રકમ ભરવા માટે તાકીદ કરવામાં આવે છે.

૪.૧૪. અરજદાર દ્વારા બાકી ચુકવણી ન થવાના આધારે સામાવાળા વીજ કંપની દ્વારા અગાઉ કરવામાં આવેલ હંગામી વીજ પુરવઠો બંધ કરવાની કાર્યવાહી કાયદેસર હોવાનું જાહેર કરવામાં આવે છે તથા CGRF ના હુકમ મુજબ નક્કી કરાયેલ સુધારેલ પૂરક બિલની સંપૂર્ણ ચુકવણી કરવામાં આવ્યા બાદ, સામાવાળા વીજ કંપનીએ લાગુ જોગવાઈઓ અનુસાર વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવાની કાર્યવાહી કરવાની સૂચના આપવામાં આવે છે.

૪.૧૫. આથી, આ રીતે પેરા નં.૪.૧૩ અને ૪.૧૪ મુજબ હુકમ કરવામાં આવે છે.

૪.૧૬. ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

૪.૧૭. ઉપરોક્ત જણાવેલ કારણો મુજબ અરજદારની રજૂઆત તા.૧૭.૦૧.૨૦૨૬નાં રોજ ફેસલ કરવામાં આવે છે.

S/d.
(પી.એ.વાઘેલા)
વિદ્યુત લોકપાલ
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

અમદાવાદ
તા.૧૭.૦૧.૨૦૨૬.